09 દિવસ બાકી મતદાન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૬૮ | ૮ ડિસેમ્બર, ૨૦૧૨, શનિવાર; કારતક વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગુજરાતમાં વિકાસ પોકળ છે : સોનિયા

## માંડવી-કેશોદની જાહેર સભાઓમાં યુપીએના ચેરપર્સન સોનિયા ગાંધીનું ઉદ્બોધન

અમદાવાદ, તા. ૭

ગુજરાતમાં ચૂંટણી આવે ત્યારે જ ભાજપને ખેડૂતો યાદ આવે છે. ભાજપ સરકારની જનવિરોધી નીતિને કારણે ખેડૂતોને આત્મહત્યા કરવાની સ્થિતિનું નિર્માણ થયું છે.

ગુજરાતમાં કર્મચારીઓનું પણ શોષણ થઈ રહ્યું છે તેમ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીએ આજે જુનાગઢ જિલ્લાના કેશોદ ખાતે જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની ભૂમિ મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ છે. ગાંધીજીના જીવન અને કાર્યમાંથી સતત પ્રેરણા મેળવીને કોંગ્રેસ પક્ષ પ્રજાના કાર્યો કરવામાં આગળ વધી રહ્યો છે.

ગાંધીજીના સિદ્ધાંતો અને આદર્શોને આગળ વધારવાના છે. સૌરાષ્ટ્રની પ્રજા સમજદાર અને જાગૃત છે અને ભાજપ સરકાર દ્વારા કરાયેલો ભ્રષ્ટાચાર અને બનાવટનો જડબાતોડ જવાબ આ ચૂંટણીમાં આપશે તેવો વિશ્વાસ છે. સોનિયા ગાંધીએ વધુમાં કહ્યું હતું કે, સરદાર સરોવર નર્મદા યોજનાને મંજૂર કરવાનું કામ જવાહરલાલ નહેરુએ કર્યું હતું. આ યોજનાને વધારવાનું મહત્વનું કામ કોંગ્રેસની સરકારો દ્વારા કરવામાં આવ્યું છે. કમનસીબે ભાજપ સરકાર આ યોજના સાથે પોતાનું નામ જોડવા માંગે છે તે નિંદનીય છે.

કેન્દ્રના ભરપૂર પ્રયાસો છતાં નર્મદા યોજનાના પાણી હજુ પણ સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પહોંચી શક્યા નથી. સૌરાષ્ટ્રના ખેડૂતોને વીજળી મળતી નથી અને ગુજરાતમાં ઉત્પન્ન થતી વીજળી બીજા રાજ્યોને વેચી મારવામાં આવે છે. થાનમાં દલિતો પરના અત્યાચારોને ભાજપાની જનવિરોધી નીતિને ઉજાગર કરે છે. સૌરાષ્ટ્રને લાંબી રેલવે લાઇન કોંગ્રેસ સરકાર દ્વારા અપાઈ છે.

સુરતના માંડવી ખાતે જાહેરસભાને સંબોધન કરતા શ્રીમતી સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે ગુજરાતને આદિવાસી મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી આપ્યા છે. ભાજપ સરકારે ૧૫ હજાર કરોડની વનબંધુ, ૧૨ હજાર કરોડ રૂપિયાની સાગરખેડૂ યોજનાને અમલી બનાવી હોય તો આદિવાસીઓને તેમને હક્કો કેમ મળ્યા નથી ? આદિવાસીઓને રોજગારીની તકો શા માટે મળતી નથી ? આદિવાસીઓને તેમના કાનૂન અધિકારો કેમ આપવામાં આવ્યા નથી. તેમણે કહ્યું કે ભાજપની સરકાર વિકાસની બુમરાણ મચાવે છે તો ગુજરાતના યુવાનોને નોકરી કેમ મળતી નથી ? શા માટે બાળકો અને મહિલાઓ કૂપોષણનો ભોગ બન્યા છે ? ગુજરાતમાં ગરીબી કેમ દેખાય છે ? શા માટે ગુજરાતમાં રસ્તાઓની હાલત ખરાબ છે ? ગુજરાતમાં ભાજપ સરકાર ખોટા વચનો આપ્યા છે વિકાસમાં યોજનાઓ નામપાત્ર રહી છે કાગળ પર જ છે એનો અમલ કરવામાં આવ્યો નથી.



## હવે સોનિયા ગાંધી સોમવારે સિદ્ધપુર અને સેવાલીયામાં

અમદાવાદ, તા. ૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રચાર માટે કોંગ્રેસના સ્ટાર પ્રચારકો ચૂંટણી સભાને સંબોધવા માટે આવી રહ્યા છે. કોંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધી તા. ૧૦મીને સોમવારે પાટણના સિદ્ધપુર અને ઠાસરાના સેવાલીયા ખાતે જાહેરસભાને સંબોધશે. આ ઉપરાંત વડાપ્રધાન મનમોહનસિંહ તા. ૯મી રવિવારે નવસારી જિલ્લાના વાસદા ખાતે જાહેરસભાને સંબોધશે તથા એઆઈસીસીના મહામંત્રી અને યુવાનેતા રાહુલ ગાંધી તા. ૧૧મીને મંગળવારે અમદાવાદના સાણંદ, તથા જામનગરના અમરેલીમાં જાહેરસભાને સંબોધશે. પ્રદેશ કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી અજય માકને આજે અમદાવાદના ગોમતીપુર ખાતે ચૂંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમજ એલિસબ્રિજ વિસ્તારમાં જાહેરસભાને સંબોધી હતી. કોંગ્રેસના ચૂંટણી પ્રચાર માટે કેન્દ્રીય મંત્રી સચિન પાઈલોટ પણ આવતીકાલે ગુજરાત આવી પહોંચશે. અમદાવાદમાં કોંગ્રેસના ઘરના ઘરની યોજનામાં મહિલાઓને જે મકાનો આપવાના છે તે મકાનોના સેમ્પલ હાઉસનું ઉદઘાટન સચિન પાઈલોટના હસ્તે કરાશે. અહેમદભાઈ ત્રણ દિવસ માટે ગુજરાત આવશે.




ઉ. ભારત પ્રવાસ
દિલ્હી-જયપુર-હરિદ્વાર-ગોકુળ-મથુરા-વૃંદાવન - બરસાના-આગ્રા - દેહરાદૂન - મસુરી - શ્રીનાથજી - પુષ્કર - અજમેર
પ્ર.દિ.-૧૨ ● ઉ.તા. ૨-૧-૨૦૧૩
ગુજરાતી ભોજન-હોટલ રોકાણ
અમી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
મો. : ૯૭૭૩૫ ૧૭૭૩૮

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫. મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬




